ટાઈમ પાસ

આજે શહેરોમાં ચાર રસ્તા પર નવરાશના સમયનો સદુપયોગ કરતા કેટલાક સીનીયર સીટીજનોના સ્વભાવની વિશિષ્ટ વાતો કરવી છે. અમે પણ સીનીયર સીટીજન જ છીએ એટલે આ બાબત અમને પણ વધતે ઓછે અંશે લાગુ પડી શકે છે.

● એક કાકા સવારે આઠેક વાગે મોર્નીંગ વોક માટે નીકળેલા ને બાઈક પર હેલ્મેટ અને માસ્ક પહેરેલા એક યુવાને એમની નજીક આવી બાઈક ઉભુ રાખી પૂછ્યું કે 'ફલાણો મેડીકલ સ્ટોર ક્યાં આવ્યો ?' તો એ કાકા એની સામે જોઈ રહ્યા પછી પોતાના હાથે પહેરેલી ઘડિયાળમાં જોઈ બોલ્યા, 'ભાઈ અત્યારે તો એ બંધ હશે, એ સાડા આઠ પહેલાં ખુલતો જ નથી...' 'વાંધો નથી, પણ એ ક્યાં આવેલ છે એ મને જરા બતાવશો?' યુવાને ફરીથી પૂછ્યુ. પછી કાકાએ એને લાંબો હાથ કરીને દૂર દવાખાનું લખેલો શબ્દ બતાવતાં કહ્યું, ' જૂઓ પેલું દવાખાનું લખેલું દેખાય છે ને ? ત્યાંજ છે જાવ, પણ હજી ખુલવાની વાર છે હોં...' 'ભલે કાકા થેંક્યુ..' કહી એ યુવાન જતો રહ્યો. હવે અહીં સવાલ થાય કે એ સ્ટોર કેટલા વાગે ખુલે છે એ બતવાની ક્યાં જરૂર હતી ??

કેટલીક વાર અમે બે ત્રણ મિત્રો ચાર રસ્તે બેઠા હોઈએ અને કોઈ આવીને પૂછે કે ફલાણી સોસાયટી ક્યાં આવી ? તો

સહેજ મલકીએ..!

અનંત પટેલ

મારા એક વડીલ મિત્ર તરત પૂછે, 'હા એ તો અહીં જ છે પણ તમારે કોના ઘેર જવું છે ?' આવો પ્રશ્ન પૂછાય એટલે પેલા ભાઈ ખિસ્સામાંથી કશું ક કાગળિયું કાઢીને એમાં ભાંગ્યા તૂટ્યા અક્ષરે લખેલું સરનામું બતાવે. કાકા એ જોઈને કંઈ ના વંચાય એટલે કહે

'ભાઈ તમને એમનું નામ કે ઘરના નંબરની ખબર નથી ? તો તો હવે તમને એ નહિ જ મળે...' આમાં કહેવાની વાત એટલી જ છે કે કોઈ સહેજ પૂછે ને આપણને તેનો જવાબ ખબર હોય તો એમને આપણે રસ્તો કે દિશા બતાવી દઈએ એટલે વાત પૂરી થાય પણ કેટલાક લોકો એમાં નવા નવા પ્રશ્નો પૂછી પેલા પ્રશ્ન પૂછનારને અને પોતે પણ કન્ફ્યુઝન ઉભું કરતા હોય છે...હવે એને કોને મળવું છે એ આપણે જાણીને શું કરવું હોય ?? તો ય એવી બધી પડ પૂછ લોકો કરતા હોય છે.

એમાં વળી કોઈ યુવતી એનું લ્યુના કે મોપેડ ઉભુ રાખી પૂછે કે

'અંકલ, ફલાણો હોલ ક્યાં આવ્યો ?' તો એ કાકા જવાબ આપે કે, એ હોલ તો અહીંથી નજીકમાં જ છે ,પણ લોકડાઉન પછી એ હોલ હજી ચાલુ થયો જ નથી , તમારે ત્યાં શું કામ જવું છે ?લ્યો આવું પૂછવાની ભઈ આપણે શી જરૂર ? પણ ના એ તો પૂછે જ..એમાં એ પોતાનું ડહાપણ બતાવવા માગતા હોય.. પછી પેલી યુવતી કહે કે, 'અંકલ મારે એ હોલ પર નથી જવું પણ એની નજીકમાં મારા જીજાજી રહેવા આવ્યા છે એમના બંગલે જવું છે એટલે હોલ બતાવો તો ઝટ મળી જાય...પછી એ કાકા પૂછે કે' તમે ય શું, તો પછી ક્યા બંગલોમાં જવું છે એમ કહો ને ? પેલાં બેન બંગલોનું નામ આપે એટલે એ કાકા હોલની દિશા બતાવે એટલે પેલાં બેન ચાલતી પકડે...ખરેખર લોકોના સ્વભાવ બહુ વિચિત્ર હોય છે. એમને બધું વધારે જાણીને કશું કરવાનું ન હોય તો પણ પૂછે જ... ને હું એમને ટોકું તો કહે કે અલ્યા એમાં શું થઈ જાય ? આ તો બે ઘડી ટાઈમ પાસ...કરાય..' બોલો તમને પણ આવા અનુભવો થતા જ હશે.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

અરિહંત હોમીયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ગાંધીનગર દ્વારા સઈજ ગામ ખાતે હેલ્થ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની સંલગ્ન હોમીયોપેથીક કોલેજ દ્વારા તાજેતર માં ગાંધીનગર માં આવેલ સઈજ ગામ ખાતે વિના મુલ્યે હેલ્થ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ યોજવા પાછળનો મુખ્ય હેતુ, ગ્રામ્ય ક્ષેત્રે હોમીયોપેથી સારવાર અંગે ની જાગૃતતા, આડઅસર વિનાની હોમીયોપેથી સારવાર વિષેની માહિતી તથા કોઈ પણ જુના હઠીલા રોગોની જડમુળથી સારવાર શક્ય છે તે અંગે માહિતગાર કરવાનો હતો.

આ મેડિકલ કેમ્પ માં ૧૦૦થી વધુ ગ્રામ્યજનો એ સારવાર માટે ભાગ લીધો હતો અને મુખ્ય તેઓ ની મુખ્ય સમસ્યાઓ જેમ કે બાળરોગો, ચામડી ના રોગો અને સંધિવા રોગ અંગે ની સારવાર અરિહંત હોમીયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નિષ્ણાત હોમીયોપેથીક ડોક્ટરની ટીમ જોડે થી લીધી હતી.

હોમીયોપેથીક ડોક્ટરની ટિમ દ્વારા કોવિડ-૧૯ ની સામે રોગપ્રતિકારક દવા નું પણ ગ્રામ્યજનોને વીના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. લોકડાઉન સમય દરમ્યાન પણ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ની હોમીયોપેથીક કોલેજ દ્વારા ૧૦,૦૦૦ થી વધુ કોવિડ-૧૯ સામે ની હોમીયોપેથીક રોગપ્રતિકારક દવાઓનું ગ્રામ્ય ક્ષેત્રે તથા સ્ટાફ મેમ્બર્સ,ગર્વર્નમેન્ટ ઓફિસર્સ, પોલીસ ડીપાર્ટમેન્ટ, શૈક્ષણિક સંસ્થાઓ ને વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કેમ્પસના વિદ્યાર્થીઓનું 'ધ વન ટેક્નોલૉજી'માં પ્લેસમેંટ

ગાંધીનગર, તા. ૨૪

કોવિડ-૧૯ની મહામારીમાં નોકરીની તકો ઊભી કરવી અને વિદ્યાર્થીઓને નોકરી અપાવવી એ ખૂબ જ કઠિન અને પડકારજનક કાર્ય છે. પરંતુ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના પ્લેસમેંટ સેલે કોમ્પ્યુટર ડિપાર્ટમેંટના ૮માં સેમેસ્ટરના ચાર વિદ્યાર્થીઓને 'ધ વન ટેક્નોલૉજી' કંપનીમાં જોબ અપાવી હતી.

કોમ્પ્યુટર ડિપાર્ટમેંટનાં ૮માં સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં રિધમ ત્રિવેદી, પટેલ કેયૂર, મહમદ વારીશ અને પટેલ રાજે 'ધ વન ટેક્નૉલોજી' કંપનીની પ્લેસમેંટ પ્રોસેસમાં ભાગ લીધો હતો. આ ચાર વિદ્યાર્થીઓએ રિટર્ન પરીક્ષા પાસ કરી શોર્ટલિસ્ટમાં લિસ્ટેડ થયા હતા. ત્યારબાદ ટેકનિકલ પર્સનલ ઈન્ટરવ્યુ થયા હતા અને અંતમાં ફાઈનલ એચ આર ઈન્ટરવ્યુ થયા હતા અને આ ચાર વિદ્યાર્થીઓને ઊંચ પેકેજમાં જોબ ઓફર થઈ હતી.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર, પ્રિન્સિપાલ ડો. કિંજલ અધ્વર્યુએ પ્લેસમેંટ સેલના પ્રો. પાર્થ રાવલ અને પ્રો. હાર્દિક પટેલ અને સફળ થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વ્યક્તિમાં અને સમાજમાં સકારાત્મકતાનો પ્રભાવ - વિષય પર ગોષ્ઠી યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

પોઝિટિવ સ્ટોરી લેખનના પ્રણેતા અને વ્યક્તિ તેમ જ સમાજમાં પોઝિટિવિટી યાને સકારાત્મકતા બાબતે વિચારણાના સતત કર્મશીલ લેખક-પત્રકાર-વક્તા શ્રી રમેશ તન્ના સાથે એક અંતરંગ મુલાકાત ઝૂમ મીટિંગ્સ પર ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૦ને રવિવારે બપોર પછી ૩.૫૦ વાગ્યાથી સાંજે ૫.૩૦ સુધી યોજાશે. દિલ્હીથી 'મારી ભાષા ગુજરાતી' વર્ચ્યુઅલ મંચ પર આ કાર્યક્રમમાં વિરાટ શાહ ('ગુજરાતધારા'ના તંત્રી-પ્રકાશક તથા ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્ર-દિલ્હીના પ્રમુખ)નું સાન્નિધ્ય રહેશે. ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા સંયોજિત આ સભામાં ઝૂમ મીટિંગ્સ આઈડી ૯૯૯ ૬૪૯ ૧૩૦૫ અને પાસકોડ Positivity થી અથવા વેબ બ્રોઉઝરમાં લિંક https://bit.ly/2RQLxYy ટાઈપ કરીને જોડાઈ શકાશે.

જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલી દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

હાલની કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં દિન-પ્રતિદિન કોરોના સંક્રમણ ખૂબ વધી રહ્યું છે. ત્યારે લોકજાગૃતિના ભાગરુપે જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલીના યુનિટ ડાયરેક્ટર તથા પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રીમતી ગાયત્રીબેન પટેલે ન્યુ ગ્રીન સીટી સેક્ટર-૨૬ ગાંધીનગરના પ્લોટ નં. કે/૨૨ ટેરેસ ઉપર યોગશિબિરનું સુંદર આયોજન કર્યું હતું.

જુદા જુદા યોગાસન તથા એરોબિક એક્સરસાઈઝ કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં ખૂબ વધારો થાય છે. અને આપણું શરીર આ વાયરસ તથા અન્ય રોગ સામે લડવા માટે સક્ષમ બને છે. તથા શારીરિક તંદુરસ્તી પણ જળવાઈ રહે છે. જે બાબતની વિસ્તૃત સમજણ પણ આ શિબિરમાં આવેલ બહેનોને આપવામાં આવી હતી.

આ શિબિરમાં સોનલબેન પટેલ, ચેતનાબેન પટેલ, કલ્પનાબેન પંચાલ, મનીષાબેન જૈન, ખુશીબેન પટેલ, ઉન્નતિબેન પટેલ તથા મોનાબેન પરમાર વગેરે બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર જિલ્લાના શૈક્ષિક મહાસંઘની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા. ૨૪

શૈક્ષિક મહાસંઘ ગાંધીનગર જિલ્લાના આચાર્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સંવર્ગના હોદ્દેદારોએ જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વઢેર સાહેબ તેમજ શિક્ષણ નિરીક્ષક ડૉ.હિમાશુભાઈ પટેલ તથા ભરતદાન ગઢવીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સંઘના હોદ્દેદારો સાથે જિલ્લા શિક્ષણાધિકારી સાહેબે હંમેશા બાળકોના શિક્ષણ બાબતે જાગૃત રહી આપણે સૌ સાથે મળી અને શાળાઓના પરિણામ તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળ વિકાસમાં યોગદાન આપી સૌ સાથે મળી અને સહકારથી કાર્ય કરીએ એવી ભાવના વ્યક્ત કરી હતી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા દ્વારા વેબિનારથી પશ્ચિમ રેલ્વેના ખેલાડીઓ સાથે ચર્ચા

ગાંધીનગર, તા. ૨૪

પશ્ચિમ રેલ્વે ખેલકુદ સંગઠન દ્વારા પશ્ચિમ રેલ્વેના ખેલાડીઓને પ્રેરણા આપવા માટે પ્રથમ ઓનલાઈન વેબિનાર સંવાદ યોજાયો હતો. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન ની અધ્યક્ષા શ્રીમતી તનુજા કંસલ અને પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલ મુખ્ય મહેમાન તરીકે જોડાયા હતા.તેમણે આ વેબિનાર દ્વારા વેસ્ટર્ન રેલ્વે સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશનના શ્રેષ્ઠ ખેલાડીઓ, ટીમના કેપ્ટન, કોચ અને ખેલકુદ પ્રશાસકો સાથે ચર્ચા કરી.આ

ચર્ચા સત્રમાં પાંચ અર્જુન એવોર્ડ પ્રાપ્તકર્તાઓ, ૬૦ કોચ અને કપ્તાન અને ૨૨ વરિષ્ઠ ખેલાડીઓએ ભાગ લીધો હતો.વેબિનાર નું સંચાલન પશ્ચિમ રેલ્વે ખેલકુદ સંગઠન ના અધ્યક્ષ શ્રી રાજકુમાર લાલ અને માનદ મહાસચિવ સંદીપ રાજવંશી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વેબિનાર 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન' અભિયાન અંતર્ગત યોજવામાં આવ્યું હતું, જેમાં પશ્ચિમ રેલ્વેના પ્રમુખ વિભાગાધ્યક્ષ , મંડળ રેલ્વે મેનેજરો અને અન્ય અધિકારીઓએ ભાગ લીધો હતો. સત્ર દરમિયાન, વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલાડીઓને આપવામાં આવતી સહાયક સુવિધાઓથી સંબંધિત ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ પછી, વેસ્ટર્ન રેલ્વે સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશનની વિવિધ પ્રવૃત્તિઓ અને પશ્ચિમ રેલ્વેની ૩૭ સ્પોર્ટ્સ ટીમોના સભ્યો, કેપ્ટન અને કોચ વિશે ટૂંક સમયમાં રજૂઆત કરવામાં આવી હતી. શ્રીમતી તનુજા કંસલે પશ્ચિમ રેલ્વેના દિગ્ગજ રમતવીરોની પ્રશંસા કરી, અને કહ્યું કે, આ રમતવીરો રેલ્વે જ નહીં, દેશને પણ પ્રતિષ્ઠિત એવોર્ડ જીતાડયા તેમણે કહ્યું કે દરેક ખેલાડીની તેમની પ્રતિભા વિકસાવવા માટે કરેલી સખત મહેનત અને સમર્પણને કારણે આ મહાન સિદ્ધિઓ શક્ય બની છે. અને આ ખેલાડીઓ આજે ચેમ્પિયન બની ગયા છે. તેમણે ખેલાડીઓના માતાપિતાને પણ શ્રેય આપ્યો હતો.

મહાત્મા ગાંધીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે, આ અભિયાન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ થી શરૂ થયું હતું અને હવે તે ૨ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ સમાપ્ત થશે.

જન્મદિને વધામણી

મહેન્દ્ર એમ ત્રિવેદી
અધ્યાપક, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ
મો. ૯૯૨૪૫ ૪૯૭૪૯

ડો. દિલીપ મેવાડા

રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧

પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

ચંદાબેન યાદવ
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના



વિજય તેજપાલ ગાંધી
મો. ૯૯૭૮૪ ૦૮૧૫૨

મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૭૦૪૬૨ ૨૯૬૦૧

કે સી ભટ્ટ
મો. ૯૮૨૪૫ ૯૩૬૨૭

નિખિલભાઈ એસ. બક્ષી
મો. ૯૪૨૮૨ ૧૭૩૬૦

કુંજેશ એન સોલંકી
મો. ૮૮૪૯૯ ૨૯૫૧૯

રોહિત દિનેશભાઈ પરમાર

પૂર્ણા પંડ્યા

હેઝલ

પાર્થ બ્રહ્મભટ્ટ
યુથ રેડક્રોસ

દિપીકાબેન લલીતભાઈ સુતરીયા

રાહુલ જી પટેલ
યુથ રેડક્રોસ



હેતાંશ સંદિપકુમાર પરમાર

માસ્ક પહેરો... કોરોનાથી બચો...

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક